## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**મે પણ આખી જીંદગી લોકોને ટોપી પહેરાવવાનું જ કામ કર્યુ છે... પણ કોઈ છાપાવાળાએ મારી નોંધ ના લીધી...!!**

# જુના પીંપળજ ગામે દિપડાના પગલા મળ્યા

ગાંધીનગર, તા.૨

તાજેતરમાં દિવાળી પહેલા ધનતેરસના દિવસે દિપડાએ સચિવાલય ખાતે પગલા પાંડયા બાદ શહેરના આજુબાજુના વિસ્તારમાં દીપડો હોવાની વાત વારંવાર સામે આવી રહી હતી. પાલજ બાસણના ખેતરો, પુનિત વન અને જ માર્ગ વિસ્તાર પછી હવે ગાંધીનગર નજીક આવેલા પીંપળજ ગામમાં દિપડો હોવાના પુરાવા મળ્યા છે. આજે સવારે જુના પીંપળજ ગામની સીમમાં વાછરડાનું મારણ થયું હોવાની વાત વનવિભાગને ધ્યાને આવી હતી. જેને અનુલક્ષી વનતંત્રએ તપાસ કરતા તંત્રને દિપડાના પગલા મળી આવ્યા છે. આ અંગેની ગંભીરતા ધ્યાનમાં રાખીને વનવિભાગે ગ્રામજનોને સાવચેત રહેવા માટે સુચના આપી છે. તેમજ અહીના જંગોલમાં ખાસ સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. તો વાછરડાનુ મારણ જંગલી કુતરા અથવા જરખે કર્યુ હોવાનો દાવો પણ વનવિભાગે કર્યો હતો. જયારે દિપડાની વાતને લઈ સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં ફફડાટ ફેલાયો છે.

ગાંધીનગર સચિવાલયમાં પ્રવેશીને દિપડાએ હાહાકાર મચાવ્યો હતો. દિવાળીના દિવસોમાં કર્મચારીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. ત્યારે વનવિભાગની ટીમે મહામહેનત બાદ દીપડાને પાંજરે પુરવામાં સફળતા મળી હતી. ત્યાર પછી વારંવાર ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં દિપડો હોવાની વાત ચર્ચામાં રહી હતી. જયારે ગાંધીનગર આસપાસના કેટલાક ગામના ગ્રામજનોએ દિપડો જોયો હોવાનું જણાવ્યું હતું. વનતંત્રએ દિપડો પુનિત વન અને અગાઉ દિપડો પકડાયો હતો તે ગરનાળા ઉપરાંત જ રોડની બંન્ને બાજુ પણ દિપડા જેવા પ્રાણીના પગલા મળી આવ્યા હતા. જેને પગલે આ વિસ્તારમાં પણ વનવિભાગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું હતું. પરંતુ અહીં દિપડા હોવાના કોઈ પુરાવા મળ્યા નથી. ત્યારે આજે ગાંધીનગર જિલ્લાના પેથાપુર નજીક આવેલા પીંપળજ ગામે વાછરડાનું મારણ દિપડાએ કર્યુ હોવાની વાત વનવિભાગને ધ્યાને આવી હતી. જેથી વનવિભાગની ટીમે આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. પરંતુ આ વિસ્તાના જંગલો માં તપાસ કરતા અહીં દિપડાના ના પગલા જરુર મળ્યા છે. દિપડાના પગલા આ વિસ્તારમાં મળી આવતા વનવિભાગ ચોંકી ગયું હતું અને આ બાબતને ગંભીરતાથી લઈને ગ્રામજનોને સતર્ક રહેવા માટે જણાવ્યું હતું. ગામના સરપંચ અને આગેવાનોને લઈ સતત સતર્ક રહેવા વનવિભાગે સુચના આપી છે. તેમજ કોઈ જંગલી જાનવર કે હિંસક પ્રાણી મળે કે દેખાય તો તુરંત જ વન વિભાગના અધિકારી તેમજ બીટગાર્ડને જણાવવા માટે પણ કહેવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં દિપડો હોવાના પુરાવા ગાંધીનગર વનવિભાગને મળ્યા છે પરંતુ વાછરડાનું મારણ દિપડાએ નહીં પરંતુ કોઈ જંગલી કુતરા કે જરખે કર્યો હોવાનો દાવો પણ વનવિભાગે કર્યો છે. જયારે પગલા જોતા દિપડો પુખ્ત નહીં પણ બાળ હોવાનું પણ વનવિભાગના આંતરીક સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

### કચ્છના ચકચારી બળાત્કાર કેસમાં વળાંક

# પૂર્વ ધારાસભ્ય છબીલદાસ પટેલના પુત્રને રોકીને એક કરોડની ખંડણી મંગાઈ

**અડાલજ કેનાલ પાસે બે બુકાનીધારી બાઇક સવારોએ છબીલદાસના પુત્રને રોકીને પરિવારને ખતમ કરી દેવાની ધમકી આપી : તારા બાપા એક કરોડ આપશે તો કેશ પાછો લઈ લઈશુ નહીતર બીજા ફોટા વાઈરલ કરીશું તેમ કહીને ગાંધીનગર તરફ બાઇકસવારો ભાગી ગયા હોવાની ફરિયાદ**



ગાંધીનગર, તા. ૨

કચ્છના ચકચારી બળાત્કાર કેસમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય છબીલદાસ પટેલનું નામ હતું. આ છબીલદાસ પટેલના પુત્રને ગઈકાલે ગાંધીનગર સરખેજ હાઈવે ઉપર આવેલા અડાલજ કેનાલ પાસે બાઈક ઉપર આવેલા બે બુકાનીધારી શખ્સોએ ઉભો રખાવીને ધમકી આપી ૧ કરોડની ખંડણી માંગી હોવાની પોલીસ ફરિયાદ અડાલજ પોલીસ મથકમાં નોંધાવા પામી છે. ફરિયાદમાં ઉલ્લેખ થયો છે કે બાઈક સવારોએ છબીલદાસના પુત્રને રોકીને ધમકી આપી હતી કે તારા બાપા ને કહી દેજે કે એક કરોડ રૂપિયા આપે તો કેસ પાછો લઈ લે લઈ લઈશું નહિતર અગાઉ જેમ ફોટો વાયરલ કર્યા હતા તેવા બીજા ફોટા વાયરલ કરીશું તેમ કહીને પરિવારને ખતમ કરી દેવાની પણ ધમકી આપી હતી અને ગાંધીનગર તરફ બાઈક લઈને બંને શખ્સો રફુચક્કર થઈ ગયા હતા.

અમદાવાદ ખાતે સોલા ઓવરબ્રિજ પાસે વોકસવેગન શોરૂમની પાછળ સિટાડેલ ગ્રીન્સ ખાતે રહેતા કચ્છના ભાજપના પૂર્વ ધારાસભ્ય (ચકચારી બળાત્કારના ગુનામાં આરોપી છે) તેઓ તેમના પરિવાર સાથે રહે છે. તેમનો પુત્ર સિદ્ધાર્થ પટેલ અબડાસા ખાતે માઈનિંગ ના વ્યવસાય સાથે સંકળાયેલો છે અને તેમના પિતા સાથે સોલા જ રહે છે. ગઈકાલે સાંજે પૂર્વ ધારાસભ્ય છબીલદાસ પટેલનો પુત્ર સિદ્ધાર્થ પટેલ પોતાનું ટુ વ્હિલર લઈને ગાંધીનગર સેક્ટર-૧ ખાતે રહેતા તેના મિત્ર કૌશલ જોગી ને મળવા ગાંધીનગર તરફ આવી રહ્યો હતો. રાત્રે સિધ્ધાર્થ ખોરજ નર્મદા કેનાલ બ્રિજ ઉતરીને આગળ પહોંચ્યા ત્યારે રસ્તામાં બાઈક લઈને બે શખ્સો ઉભા હતા. બંને શખ્સોએ મોં પર રૂમાલ અને માથે હેલમેટ પહેરેલું હતું. બાઈકની પાછળ બેઠેલા શખ્સે સિદ્ધાર્થને ઉભો રખાવીને કહ્યું કે તું છબીલભાઈનો છોકરો છે? સિદ્ધાર્થે હા પાડી એટલે તે શખ્સે વાત આગળ વધારી અને કહ્યું કે તને ખબર છે ને તારા બાપનો મહિલાવાળો કેસ દિલ્હીમાં ચાલે છે? તારા બાપ ને કહી દેજે કે એક કરોડ રૂપિયા તૈયાર રાખે તો અમે કેસ પાછો લઈ લઈશું નહીં તો જેમ જુના ફોટા વાયરલ કર્યા હતા તેવા બીજા નવા ફોટા વાયરલ કરીશું અને તારા પરિવારને ખતમ કરી નાખીશુ તેમ કહીને ગાળાગાળી કરીને બંને શખ્સો બાઈક પર ગાંધીનગર તરફ જવા રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે છબીલદાસ પટેલના પુત્ર સિદ્ધાર્થ પટેલે અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પીઆઈ જે.જી. વાઘેલાએ અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરીને ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

## મેં તથા મારા પરિવારના કોઈપણ સભ્યનો આરોગ્ય સારવારનો ખર્ચ કયારેય સરકારમાંથી લીધો નથી : નીતિનભાઈ

નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, મારી આરોગ્ય સારવાર માટે તેમજ રાજયના આરોગ્ય તંત્રની કાર્યનિષ્ઠા પ્રત્યે કોંગ્રેસે જે આક્ષેપો કર્યા છે તે તદ્દન પાયાવિહોણા છે. તેમણે મારી વ્યકિતગત બાબતોની જાણકારી મેળવ્યા સિવાય જે ટીકા કરી છે તે યોગ્ય નથી આવી નિમ્ન કક્ષાની ટીકાઓ કરવાનું કોંગ્રેસને શોભતું નથી. મેં તાજેતરમાં ઘૂંટણની સારવારનું જે ઓપરેશન મુંબઈ ખાતે કરાવ્યું છે તે અલગ પ્રકારની યુની કમ્પાર્ટમેન્ટલ ટેકનોલોજીથી થતું ઓપરેશન હોઈ મુંબઈ ખાતે સારવાર લીધી છે. આ ઓપરેશન માટે વિમાનમાં આવવા જવા સહિત ઓપરેશનનો કોઈપણ ખર્ચ રાજય સરકાર પાસેથી લીધો નથી.

## જલારામ મંદિરનો ૨૩મો પાટોત્સવ ધામધુમથી ઉજવાશે

શ્રી જલારામ સેવા સમાજ દ્વારા કારતક વદ ૧૩ ને તા. ૫ ડિસેમ્બરને બુધવારના રોજ ૨૩ માં પાટોત્સવ નિમિતે જલારામ ધામ સેકટર-૨૯ ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સવારે ૯.૩૦ તી ૧૧.૩૦ કલાક દરમિયાન મૂર્તિ પૂજા, તેમજ બપોરના ૧૨ કલાકે ધ્વજારોહણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ત્યારે પાટોત્સવ પ્રસંગે સમાજના સૌ ભાઈ બહેનોને હાજર રહેવા જલારામ સેવા સમાજના પ્રમુખ સેવંતિલાલ ઠક્કરે અનુરોધ કર્યો છે.

## ગુજરાત રાજ્ય માસ્ટર્સ એથ્લેટિક્સમાં ગાંધીનગર જિલ્લાને ૩૫ ગોલ્ડ સાથે ૫૪ મેડલ્સ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ૨૨ માસ્ટર્સ એથ્લેટ્સે તાજેતરમાં સિડસર ખાતે યોજાયેલી ૩૮મી ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં સપાટો બોલાવતા ૩૫ ગોલ્ડ, ૧૪ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ્સ સાથે કુલ ૫૪ મેડલ્સ પ્રાપ્ત કરી ડંકો વગાડ્યો છે. આ સાથે આ ખેલાડીઓ આગામી તા. ૫ થી ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૯ દરમ્યાન આંધ્રપ્રદેશના ગન્તુર ખાતે યોજાનાર ૩૯મી નેશનલ માસ્ટર્સ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં ભાગ લેવા પસંદગી પામ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લાના આ ૨૨ માસ્ટર્સ એથ્લેટસમાંથી ૯ જેટલાં એથ્લેટ્સે ૩-૩ ગોલ્ડ અને એકથી વધુ એથ્લેટ્સે ચાર મેડલ્સ પ્રાપ્ત કર્યા છે.

# આજે પેપર નહીં પણ ''વિકાસ'' લીક થયો છે..!!!

**પોલીસ લોકરક્ષકનું પેપર લીક થતાં પરીક્ષા રદ થવાને મામલે સોશ્યલ મિડીયા પર સરકાર અને પોલીસતંત્ર પર માછલાં ધોવાયાં..!!!**

આજે પોલીસ લોકરક્ષકની લેખિત પરીક્ષાનું પેપર ફુટી જતા સમગ્ર રાજયમાં ચકચાર મચી જવા પામી છે. એક તરફ અંદાજે ૯ લાખ જેટલાં ઉમેદવારો પરીક્ષા રદ થતાં નિરાશ થયાં છે તો બીજી તરફ સોશ્યલ મિડીયા પર આ મુદ્દે આક્રોશ સાથે અવનવા ચબરાકિયા પણ ફરતા થઈ જવા પામ્યાં હતા. આખો દિવસ સોશ્યલ મિડીયા પર છવાયેલા આ ચબરાકિયાએ સરકાર અને પોલીસતંત્રને આડે હાથ લેવાનું કામ કર્યુ છે તેમાંથી કેટલાક અત્રે પ્રસ્તુત છે.

- તાજેતરના ન્યુઝ : પોલીસની કંકોત્રી છપાઈ ગયેલી જાન મંડપમાં પહોંચી ગયેલી અને ગોરબાપાએ કન્યા પધરાવો સાવધાન કીધું ત્યારે ખબર પડી કે કન્યા તો અડધા કલાક પહેલાં જ ભાગી ગઈ છે.
- પાર્થને કહો રોકી લે બાણ, હજુ એક મહિનાની છે વાર - ભડકેલો પરીક્ષાર્થી
- આજે વર્તમાન પોલીસ અને ભાવિ પેઢીની પોલીસ વચ્ચે સંઘર્ષ થવાની પુરી શક્યતા...
- પેપર હવે વૉટરપ્રુફ બનાવો જેથી 'લીક'ના થાય...
- પેપર ફોડનારા જસદણમાં કોંગ્રેસના ઉમેદવારનું નામ ફોડી આપો યાર...
- નવસારીમાં જેની પરીક્ષા હોય તેવા મિત્રોને વિનંતી કે મગજ ઠંડુ કરવા સીધા દમણ ઉપડી જાવ... જસ્ટચિલ્ડ..!!!
- ૯ લાખ પોલીસે પોલીસ બનતાં પહેલા જ ચોરી પકડી પાડી... શાબાશ જવાનો..!!
- પોલીસ ઉમેદવારો માટે પરીક્ષા કેન્સલ થવી એ પણ ટ્રેનિંગનો એક ભાગ છે..!!
- તારીખમાંજ લોચોહતો... ૨/૧૨ મતલબ દોબારા..!!
- બધાને બહુ ઉતાવળ હોય છે ને પરીક્ષા પછી આન્સર કીની, તો લ્યો આ વખતે પહેલા જ આન્સર કી આપી દીધી... આને કહેવાય ગતિશીલ સરકાર.
- પેપર નહીં પણ 'વિકાસ' લીક થયો છે..!!
- રાજયના બાહોશ નાણાં વિભાગના અધિકારીઓએ સરકારને ખર્ચનો આંકડો આપી દીધો છે... ૧૨૦૦ કરોડ.
- પેપર લીક થયું એટલે પરીક્ષા રદ નથી થઈ, પણ પેપર લીક થયું એ 'વાત' લીક થઈ એટલે પરીક્ષા રદ થઈ.
- હવે પ્લમ્બરની ભરતી પહેલા કરો જેથી ખબર તો પડે કે પેપર ક્યાંથી લીક થાય છે.
- લોકરક્ષકની ભરતી પહેલા પેપર રક્ષકની ભરતી કરવામાં આવે - લોકલાગણી
- સરકારનો વર્લ્ડ રેકોર્ડ..! એક સાથે એક જ કલાકમાં નવ લાખ ગાળો ખાનાર ઈતિહાસની પ્રથમ ગુજરાતની ભાજપ સરકાર.

# પુસ્તક પરબમાં ''આત્મન''ના પ્રણેતા પ્રજ્ઞાબેનનું અભિવાદન

ગાંધીનગર, તા. ૨

આજે ગાંધીનગરના ઘ-૪ સર્કલે ડિસેમ્બર માસના પ્રથમ રવિવારે યોજાયેલ પુસ્તક પરબમાં આત્મન્ ફાઉન્ડેશનના પ્રણેતા પ્રજ્ઞાબેન પટેલનું માહિતી ખાતાની સરકારી નોકરીમાંથી નિવૃત્તિ પ્રાપ્ત કરવાને અનુલક્ષીને પુસ્તક પરબ પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રજ્ઞાબેનનું પુષ્પગુચ્છ અર્પણ કરી મ્હોં મીઠું કરાવવા સાથે શાલ ઓઢાડી અભિવાદન કરાયું હતું.

આજે શિયાળાની સવારે થોડી ઠંડીના વાતાવરણમાં પણ પુસ્તકપ્રેમી વાચકોએ પુસ્તક પરબ પર સવારથી જ ઘસારો જમાવ્યો હતો. આજની પુસ્તક પરબમાં ૧૬૨ પુસ્તરકો તથા ૮૨ સામાયિકો સહિત ૨૪૮ની આવક સામે ૨૭૧ પુસ્તકો તથા ૨૩૦ મેગેઝીન સહિત કુલ ૫૦૧ની જાવક નોંધાતા પુસ્તક પરબના સેવા સૈનિકોમાં આનંદની લ્હેર પ્રસરી હતી. કુલ પુસ્તકોની જાવકનો આંકડો પણ જાણે પ્રજ્ઞાબેન પટેલના અભિવાદન પ્રસંગે નોંધાયેલો ચાંલ્લો હોય તેમ ૫૦૧નો આવતા આ સંજોગોને પુસ્તક પરબના તમામ સ્વયંસેવકોએ વધાવ્યો હતો. આજની પુસ્તક પરબમાં બાળકોથી માંડીને યુવા અને વરિષ્ઠ પુસ્તકપ્રેમીઓની મુલાકાત સમપ્રમાણ જોવા મળી હતી. પુસ્તક પરબના સમાપને તમામ સ્વયંસેવકોએ અલ્પાહારનો આનંદ માણ્યો હતો.

# રાજ્યમાં હોર્ટિકલ્ચર ક્રોપનું ફુલગુલાબી ચિત્ર : ૧૬.૭૦ લાખ હેક્ટરમાં ૨.૩૪ મે.ટન ઉત્પાદન

## આઠ વાયબ્રન્ટમાં ૭૦ લાખ કરોડનું રોકાણ તો આવ્યું છે, હવે વધુ ક્યાંથી આવે

રાજ્યમાં હોર્ટિકલ્ચરમાં ફુલગુલાબી ચિત્ર ઉપસ્યું છે. ૨૨ વર્ષ પહેલાં ગુજરાતમાં ૪.૮૦ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થતું હતું અને તેનું ઉત્પાદન ૪૩.૦૫ લાખ મેટ્રીક ટન હતું પરંતુ છેલ્લા વર્ષના આંકડા પ્રમાણે રાજ્યમાં ૧૬.૮૭ લાખ હેક્ટર વિસ્તારમાં હોર્ટિકલ્ચર પાકનું નું વાવેતર થાય છે અને ઉત્પાદન વધીને ૨.૩૪ કરોડ મેટ્રીક ટન થયું છે. ફ્રુટ પાકનો એરિયા ૨૨ વર્ષ પહેલાં ૧.૨૯ લાખ હેક્ટર હતો અને ઉત્પાદન ૨૩.૨૬ લાખ મેટ્રીક ટનનું ઉત્પાદન થતું હતું પરંતુ છેલ્લા આંકડા પ્રમાણે ગુજરાતમાં ૪.૨૮ લાખ હેક્ટરમાં ફ્રુટનું વાવેતર થાય છે અને ઉત્પાદન વધીને ૯૦.૦૪ લાખ મેટ્રીક ટન થયું છે. શાકભાજીનો વાવેતર વિસ્તાર પહેલાં ૧.૨૧ લાખ હેક્ટર હતો અને ઉત્પાદન ૧૭.૨૬ લાખ મેટ્રીક ટન થતું હતું તે ૨૨ વર્ષમાં વધીને અનુક્રમે ૬.૫૦ લાખ હેક્ટર સાથે ૧.૩૨ કરોડ મેટ્રીક ટન થયું છે. રાજ્યમાં મસાલા પાકોનો વાવેતર વિસ્તાર ૨.૩૦ લાખ હેક્ટર હતો અને ઉત્પાદન ૨.૫૫ લાખ મેટ્રીટ ટન થતું હતું જે વધીને અત્યારે ૫.૮૮ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે અને ઉત્પાદન વધીને ૧૦.૦૩ લાખ મેટ્રીક ટન થયું છે. ગુજરાતમાં ફુલોની ખેતી પણ વધી છે. ૨૨ વર્ષ પહેલાં ગુજરાતમાં ફુલોનો વાવેતર વિસ્તાર નહીંવત હતો પરંતુ ૨૦૦૩માં તે પ્રથમવાર ૫ હજાર હેક્ટર થયો હતો જેમાં ૩૯ હજાર મેટ્રીક ટન ફુલોનું ઉત્પાદન નોંધાયું હતું. સર્વેના છેલ્લા વર્ષમાં ફુલ પાકનો વાવેતર વિસ્તાર ૨૦ હજાર હેક્ટર થયો છે અને તેનું ઉત્પાદન વધીને ૧.૯૩ લાખ મેટ્રીક ટન થયું છે.

**વાયબ્રન્ટના ટારગેટ પૂર્ણ કરવા કઠીન છે...**

ગુજરાતમાં નરેન્દ્ર મોદીએ શરૂ કરેલી વાયબ્રન્ટ ગ્લોબલ

### રહેઠાણ ઓછાં થતાં જંગલી પશુ અને પક્ષીઓ ઘરના દરવાજા સુધી આવે છે

ઈન્વેસ્ટર્સ સમિટની સફર ન્યૂ ઈન્ડિયા સુધી પહોંચી છે. ગુજરાતનું અનુકરણ દેશના છ રાજ્યોએ કર્યું છે જેમાં તેમને કરોડો રૂપિયાના મૂડીરોકાણ મળ્યાં છે. ૨૦૦૨માં શાસનની શરૂઆત કરી મોદીએ ગુજરાતને ઔદ્યોગિકરણમાં આગળ વધારવાનું પ્લેટફોર્મ બનાવ્યું હતું અને ૨૦૦૩માં તેમણે પહેલી ઈન્વેસ્ટર્સ સમિટ કરી હતી. પહેલી સમિટમાં ૮૦ એમઓયુ સાથે કુલ ૬૬૦૬૮ કરોડના મૂડીરોકાણ કરાર થયા હતા. દર બે વર્ષે થતાં વાયબ્રન્ટની આ સફરમાં છેલ્લે ૨૦૧૫માં ૨૫ લાખ કરોડના મૂડીરોકાણ માટે એમઓયુ થયા હતા પરંતુ ૨૦૧૭માં બધાંના આશ્ચર્ય વચ્ચે સરકારે મૂડીરોકાણના ફીગર જાહેર કર્યા ન હતા, કારણ કે અગાઉના વર્ષ કરતાં ઓછા કરાર થયા હતા. ૨૦૧૯માં પણ એવી સ્થિતિ છે, કેમ કે વૈશ્વિક મંદીનો માહોલ છે અને દેશો વચ્ચે ટ્રેડવોર ચાલી રહ્યું છે ત્યારે ગુજરાતે નક્કી કરેલા ૩૦ લાખ કરોડના લક્ષ્યાંકને પૂર્ણ કરવો લગભગ અશક્ય છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તમામ વિભાગોને આદેશ કર્યા છે કે વધુમાં વધુ મૂડીરોકાણને આમંત્રણ આપો પરંતુ ઉદ્યોગોની નાજૂક બનેલી સ્થિતિના કારણે ગુજરાતના ટારગેટ સફળ થઈ શકે તેમ નથી. ઉલ્લેખનીય છે કે સરકારે અત્યાર સુધીમાં યોજેલા આઠ વાયબ્રન્ટ સમિટમાં કુલ ૭૦ લાખ કરોડના મૂડીરોકાણ માટે કરાર કર્યા છે.

**લ્યો, હવે તો મોર માર્ગો પર આવી જાય છે...**

ગીરના અભ્યારણ્યના સિંહો માનવવસતીમાં આવી જાય છે તે વાત તો બહુ જૂની છે પરંતુ હવે તો શહેરોના ભરચક વિસ્તારમાં પણ વન્ય પ્રાણીઓ ઘરમાં ઘૂસી જાય છે. સાબરમતી નદીમાં થઈને ગાંધીનગરના સચિવાલયમાં દિપડો ઘૂસી જાય છે. નીલગાય સેક્ટરોમાં ફરે છે અને લોકોના આવાસમાં પક્ષીઓ ઘુસીને ફ્રૂટ કે અન્ય ખાદ્યસામગ્રી પર તરાપ મારે છે. ગાંધીનગરના બગીચામાં અને આસપાસના ખેતરોમાં જોવા મળતું રાષ્ટ્રીય પ્રાણી મોર હવે તો જાહેર માર્ગો પર આવી જાય છે. માનવીઓની વસતી વધે છે તેમ પ્રાણીઓ અને પક્ષીઓની વસતી પણ વધતી જાય છે, મુશ્કેલી એ છે કે માનવી તો આવાસ બનાવી લેતો હોય છે પરંતુ અબોલ પ્રાણી અને પક્ષીઓની વસાહતો નાબૂદ થતી જાય છે તેથી આવો સિલસિલો શરૂ થયો છે. ગાંધીનગરમાં એક સમયે મોરની ગણતરી કરવામાં આવી હતી ત્યારે માત્ર પ્રકૃતિ ઉદ્યાનમાં જ ૧૦૦૦ મોર ગણવામાં આવ્યા હતા. આ મોર હવે તો સચિવાલયના પ્રાંગણમાં પ્રવેશી ચૂક્યાં છે.




મુખ્યપ્રધાન સહિતના મહાનુભાવો જ્યાંથી હેલીકોપ્ટર મારફતે પ્રયાણ કરે છે તે સચિવાલયના હેલીપેડ પાસે ઢગલો મોર જોવા મળે છે. એટલું જ નહીં પ્રધાનમંડળના સભ્યોના બંગલા વિસ્તારમાં રોડ પર મોર આવી જતા હોય છે. મોર માટે સંશોધકો કહે છે કે આ એવું પક્ષી છે જેને એક નહીં અનેક રાણી હોય છે. એટલે કે તે બહુપત્નિત્વ હોય છે. અબોલ જીવોના રહેઠાણો આપણે છીનવી લીધી છે ત્યારે ગંભીરતાથી વિચારવાનો સમય આવી ગયો છે.



**પાર્કિંગનું સ્થળ હોય તો જ વાહન ખરીદ કરજો...**

ગુજરાતના શહેરોમાં બેકાબૂ બનેલી ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા માટે રાજ્ય સરકાર એક્શન મોડમાં આવી છે. સરકારે પાર્કિંગ પોલિસી જાહેર કરી છે જેમાં નવી ગાડી ખરીદતાં પહેલાં પાર્કિંગ ક્યાં કરવાની છે તેની સાબિતી આપવી પડશે. તમારી સોસાયટીમાં જગ્યા નથી અને ગાડી બહાર પાર્ટ કરવી હશે તો દંડ ભરવો પડશે. ઓન સ્ટ્રીટ અને ઓફ સ્ટ્રીટ પાર્કિંગના દરો પણ નક્કી કરવામાં આવી રહ્યાં છે. સરકાર તેની નવી યોજનામાં વાહનોના પાર્કિંગ માટે મોબાઈલ એપ્લિકેશન પણ તૈયાર કરી રહી છે. સરકારનું આ પગલું સરાહનિય છે પરંતુ ટ્રાફિક કન્ટ્રોલ કરવા માટે સેન્ટ્રલ મુંબઈ જેવી લેન સિસ્ટમ લાગુ નહીં થાય ત્યાં સુધી ટ્રાફિક જામના દ્રશ્યો ઓછા થઈ શકે તેમ નથી. ટ્રાફિક અને પાર્કિંગ એ ગુજરાતના શહેરો માટે ભારે પરેશાની ઉભી કરી છે. ટ્રાફિક જંકશનમાં હવે તો વાહનોની સાથે પદયાત્રી લોકોને પણ ફરજીયાત ઉભા રહેવું પડે છે. ગાંધીનગર જેવા શહેરમાં તો દ્વિચક્રી વાહનચાલકો ચાલવા માટેના ફુટપાથ પર વાહનો ચલાવી રહ્યાં છે. સરકારની પોલિસીનો જો કડકહાથે અમલ થાય તો આ સમસ્યાથી છુટકારો મળી શકે તેમ છે. ગુજરાતમાં ૨.૪૦ કરોડ નોંધાયેલા વાહનો છે એટલે કે સરેરાશ દર ત્રીજી વ્યક્તિએ એક વાહન છે. કુલ વાહનો પૈકી ૧.૫૦ કરોડ તો દ્વિચક્રી વાહનો છે.

**મોદી સરકારનું આયુષ્ય વધારતી ૧૯ યોજનાઓ...**

ભારતની બિન ભાજપ પાર્ટીઓના મેળાવડા સામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભાની ૨૦૧૯ની ચૂંટણીમાં એવી સ્ટેટેજી બનાવી છે કે જેના કારણે તેમની સરકારના આયુષ્યમાં વધારો થઈ શકે છે. ભાજપ એ ગરીબોની પાર્ટી છે તેવું બિરૂદ મેળવવાનો પ્રયાસ કરતા મોદીએ ૧૦ કરોડ પરિવારોના ૫૦ કરોડ લોકો માટે આયુષ્યમાન ભારતની યોજના લાગુ કરીને વિપક્ષોને ચોંકાવી તો દીધા છે પરંતુ તે સાથે મોદી સરકારની ક્લિન ઈન્ડિયા, બેટી બચાવો-બેટી પઢાવો, મુદ્રા, ફસલ બીમા યોજના, સુરક્ષા બીમા યોજના, અટલ પેન્શન યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, સ્કીલ ઈન્ડિયા, ડિજીટલ ઈન્ડિયા, જનધન યોજના, મેક ઈન ઈન્ડિયા મુખ્ય છે. એ ઉપરાંત મોદી પાસે ન્યૂ ઈન્ડિયાનો પ્લાન છે. ઉજાલા યોજના છે. ૨૦૨૨ સુધીમાં પ્રત્યેર માટે ઘર નું ઘર છે. ખેડૂતોની આવક ડબલ કરતી સ્ટેટેજી છે. યુવાનો માટે કૌશલ્ય વિકાસ યોજના, સ્ટાર્ટઅપ મિશન, લઘુમતિ માટે નઈ મંઝીલ અને બાળકો માટે મિશન ઈન્દ્રધનુષ્ય જેવા મહત્વ ધરાવતા પ્રોજેક્ટ પણ છે. ૨૦૧૪માં સત્તા મેળવ્યા પછી મોદી સરકારે ચાર વર્ષમાં તેમની સરકારની યોજનાઓના પ્રચાર અને પ્રસાર પાછળ સત્તાવાર ૪૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે ત્યારે હવે ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપે સોશ્યલ મિડીયા પર સરકારની વિકાસ યોજનાની જનજન સુધી પબ્લિસિટી કરવાનો નિર્ણય કર્યો છે. ચૂંટણી પહેલાના છ મહિના મોદી માટે અત્યંત મહત્વના બની રહેશે તેવું લાગી રહ્યું છે. આ સઘળી યોજનાઓ મોદી સરકારના આયુષ્યને વધુ પાંચ વર્ષ વધારી શકે તેમ છે.

**ટોલટેક્સની જફા : સરકાર ઉદાર છે, બાબુ નથી...**

ગાંધીનગર થી સરખેજ જવું હોય તો માત્ર ૩૦ કિલોમીટરનું અંતર કાપતાં એક કલાક લાગે છે પરંતુ હવે એવું નહીં થાય. હાલ ડગલે ને પગલે સ્પીડબ્રેકર અને ટ્રાફિક સિગ્નલ ધરાવતો આ રાજમાર્ગ સુપર ફાસ્ટ હાઈવે બની જશે. કેન્દ્ર અને રાજ્ય સરકારે એસજી હાઈવે તરીકે ઓળખાતા આ માર્ગનું એક્સપાન્સન કરવાનું નક્કી કર્યુ છે જેનો ખર્ચ ૭૨૦ કરોડ નક્કી કરવામાં આવ્યો છે પરંતુ તેના ખર્ચમાં વધારો થઈ શકે છે. આ મોડલ માર્ગ પર ટોલટેક્સ લેવાની ભલામણ આપણા સરકારી બાબુઓએ કહી હતી પરંતુ પોલિટીકલ નિર્ણયમાં ટોલટેક્સ લેવાની બાબતનો ઈન્કાર કરી દેવામાં આવ્યો છે. એટલે કે આ સુપરફાસ્ટ માર્ગ પર ટોલટેક્સ નહીં લેવાય. કેન્દ્ર સરકારે જ નક્કી કર્યું છે કે આ હાઈવે પર કોઈ ટોલટેક્સ લેવામાં નહીં આવે. ગાંધીનગર થી સરખેજ જવું હોય તો હાલ એક કલાક જેટલો સમય લાગે છે જે અંતર ઘટીને ૪૦ મિનીટનું થઈ શકે છે. હાઈવે પર પાંચ જગ્યાએ ફ્લાય ઓવરબ્રીજ બનાવવાનું આયોજન છે. જાણીને નવાઈ લાગશે કે આ માર્ગ પરથી પ્રતિદિન એક લાખ વાહનો અવર-જવર કરતા હોય છે, કારણ કે આ માર્ગ સૌરાષ્ટ્રને જોડતો મહત્વનો માર્ગ છે.

**યોગગુરૂ બાબા રામદેવ તો માર્કેટ ગુરૂ છે...**

બાબા રામદેવ માર્કેટ ગુરૂ બની ગયા છે. ક્યારે કેવી રીતે શું વેચવું તે સારી રીતે જાણે છે. ભારતમાં તો ખેડૂતોને ગાયનું દૂધ ૪૫

### પાર્કિંગની સુવિધા હોય તો જ નવું વાહન ખરીદજો, નહીં તો દંડ ચૂકવવો પડશે

રૂપિયે લીટર વેચવામાં ફાંફાં પડી રહ્યાં છે ત્યારે બાબા રામદેવની પતંજિલ કંપની ૯૦ રૂપિયે લીટર ગૌમૂત્ર વેચી રહ્યાં છે. આ ને કહેવાય કથીરમાંથી સોનું પેદા કરવું... આ કંપની લીમડાના પાનનું માર્કેટીંગ પણ સારી રીતે કરી જાણે છે. ફોર્બ્સ મેગેઝિને તાજેતરમાં જ દેશના ધનિકોની યાદી બહાર પાડી હતી જેમાં પતંજલિના આચાર્ય બાલકૃષ્ણ ૩૫૫૦૦ કરોડ રૂપિયાના માલિક બન્યા છે. એક વર્ષમાં તેમની દોલતમાં બે ગણો વધારો થયો છે. બાબા રામદેવની આ કંપનીમાં બાલકૃષ્ણનો હિસ્સો ૯૮.૬ ટકા છે. આ કંપની હર્બલ, એફએમજીસી અને ટેક્સટાઈલ સહિતની અનેક પ્રોડક્ટ્સનો વેપાર કરે છે. આ ધનિક ભારતમાં ૪૮ નંબરે અને વિશ્વમાં ૨૭૪ના સ્થાને આવે છે. પતંજલિ આયુર્વેદની સ્થાપના ૨૦૦૬માં કરવામાં આવી હતી. આ કંપનીમાં બે લાખ લોકો કામ કરે છે. આ કંપનીની રેવન્યુ ૨૦૧૦-૧૧માં માત્ર ૩૨૦ કરોડ રૂપિયા હતી જેમાં ૨૦૧૪ પછી ક્રમશ ત્રણ-ત્રણ ગણો વધારો થતો ગયો છે. આ કંપનીની રેવન્યુ ૨૦૧૭-૧૮માં ૧.૭ બિલિયન ડોલર એટલે કે ૧૨૦૦૦ કરોડ હતી જે વધીને માર્ચ-૨૦૧૮માં ૨૦ હજાર કરોડને ક્રોસ કરી રહી છે.